મહત્તમ : ૪૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૩૬ ટકા ● સાંજે ૧૬ ટકા

ગાંધીનગર તાપમાન

# ફલાઈટના ૨૪ કલાક પહેલા યુવાને ગળે ફાંસો ખાધો

**સરગાસણના સ્વાગત બ્લોસમ ફલેટમાં ભાડે રહેતા કેનેડા રીટર્ન યુવાને અંતિમ પગલુ ભર્યું : કેનેડા બે મહિના રહ્યો પરંતુ નોકરી ન મળતા પરત ફર્યો તેમાં પાંચ લાખ ખર્ચો થઈ ગયો : ફરી વિઝા લઈને ટીકીટ બુક કરાવી પરંતુ કેનેડાની ફલાઈટ ઉપડે તે પહેલા ફાંસો ખાઈ લેતા ચકચાર**

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર નજીક સરગાસણ પાસેના એક ફલેટમાં ભાડે રહેતો યુવાન કેનેડા બે મહિના રોકાયો પરંતુ ત્યાં નોકરી ન મળતા પરત આવી ગયો...! પાંચ લાખનો થઈ ગયેલો ખર્ચો સતત તેના મગજમાં ભમી રહ્યો હતો. સલાહો લીધા બાદ ફરી કેનેડા જવા મન મકકમ કરી વિઝા લઈને ટીકીટ બુક કરાવી દીધી. ૨૮ માર્ચે રાત્રે ૯ વાગ્યે તેની ફલાઈટ હતી પરંતુ તેના આગળના દિવસે જ તે યુવાને ફલેટમાં ગળે ફાંસો ખાઈ લઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. ઈન્ફોસીટી પોલીસે મૃતદેહ પીએમ કરાવી અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર નજીક સરગાસણ ગામની સીમમાં આવેલા સ્વાગત બ્લોસમ ફલેટ નં. ૧૦/૪૦૩ ખાતે પોતાના મિત્રો સાથે ફલેટ ભાડે રાખીને ૨૪ વર્ષીય કેયુર પ્રવિણભાઈ બાબરીયા રહેતો હતો. થોડા સમય અગાઉ કેયુર કેનેડા ગયો હતો અને બે મહિના કેનેડા રહ્યો પરંતુ નોકરી ન મળતા કંટાળીને પરત આવી ગયો હતો. કેનેડા અવર જવરમાં તેના પાંચ લાખ રૂપિયાનો ધુમાડો થઈ ગયો હતો. આ વાત તેને સતત ખુંચતી હતી. મિત્રો અને પરિવારજનો સાથે પણ તેણે આ મામલે ઘણી ચર્ચા કરી અને હવે ઈન્ડિયા રહેવું કે કેનેડા રહેવું તે બાબત પર ચર્ચાઓ પણ કરી હતી. અંતે ફરીથી કેનેડા જવાનું નક્કી કર્યુ અને મન મકકમ કરી દીધા બાદ કેનેડાના વિઝા કરાવ્યા અને એર ટીકીટ પણ બુક કરાવી દીધી હતી. ૨૮ માર્ચની રાત્રે ૯ વાગ્યે કેનેડાની ફલાઈટ બુક થઈ ગઈ પરંતુ મુંઝવણ હજુ યથાવત હતી. ગઈ કાલે મામાના ઘરેથી કેયુર પોતાનો સામાન પેક કરવા માટે સરગાસણ ફલેટમાં આવ્યો. બપોરે પોતાના મિત્રોને મળીને રૂમમાં ગયો. મિત્રોએ પણ કેયુર રૂમમાં ગયો પછી તે થાકેલો હશે એટલે આરામ કરતો હશે તેમ માનીને ખલેલ ન પહોંચે તેની કાળજી રાખી, મિત્રો બપોરે ખરીદી કરવા બહાર ગયા અને સાંજે પરત આવ્યા ત્યારે પણ રૂમનો દરવાજો બંધ હતો. મિત્રોને શંકા જતા તપાસ કરી તો કેયુરે પંખે દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ લીધો હતો. ઈન્ફોસીટી પીએસઆઈ પી.જે. પંડયાએ અકસ્માત મોતનો ગુનો નોંધી તેના પરિવારજનોને રાજકોટ-ધોરાજી જાણ કરી બોલાવી લીધા અને મૃતદેહ પીએમ કરાવી વધુ તપાસ શરુ કરી છે.

## સેકટર-૨ સ્થિત બગીચા ખાતે સીનીયર સિટિઝન મંડળની બેઠક મળી



ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર સેકટર-૨ સ્થિત બગીચા ખાતે સીનીયર સિટિઝન મંડળની માસિક બેઠક મળી હતી. જેમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના પેરાલીગલ વોલન્ટીયર જયરામભાઈ સોનીએ મીટીંગને સંબોધન કર્યું હતું. આ બેઠકમાં સભ્યોને કાયદાકીય વીલ, વારસાઈ અંગેની માહિતી આપી હતી. ઉપરાંત વોટર થેરાપીની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. જેનાથી કોલોસ્ટોલ, ડાયાબીટીસ આર્થારાઈટીસ પાચનતંત્ર, કિડની, લીવર જેવી અનેક બિમારીમાંથી રાહત મેળવવા વોટર થેરાપી કુદરતી ચિકીત્સા પધ્ધતિ અપનાવવા અનુરોધ કર્યો હતો.

## સે-૧૭ ચીપ ટાઈપ શોંપિગમાં લાઈટ મીટર આપવા ટોરેન્ટનો નનૈયો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરના સેકટર-૧૭ ખાતે આવેલ ચીપટાઈપ શોંપિગમાં આવેલ જર્જરીત દુકાનોનું સરકારી ખર્ચે તંત્ર દ્વારા રીનોવેશન કરીને દુકાનો તૈયાર કરી દેવામાં આવી છે. પરંતુ ટોરેન્ટ પાવર દ્વારા લાઈટના મીટર આપવામાં ન આવતા દુકાનોના શટરો ખુલી શકયા નથી. લાઈટના મીટરો ન હોવાથી વેપારીઓ મુશ્કેલીમાં મુકાયા છે. ત્યારે શોંપિગ સેન્ટરમાં વહેલી તકે મીટરો નાંખવા માટે ગાંધીનગર અસરગ્રસ્ત મંડળ દ્વારા રજુઆત કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરના નિર્માણ સમયે દરેક સેકટરોમાં સુવિધા કચેરી, શોંપિગ સેન્ટર, બગીચા, સરકારી શાળા, સરકારી દવાખાનું, રંગમંચની સુવિધા સરકારી તંત્ર દ્વારા તૈયાર કરવામાં આવી છે. શહેરને પાંચ દાયકા થયા હોવાથી નગરના સેકટરોમાં આવેલ ચીપટાઈપ શોંપિગ સેન્ટરની દુકાનો જર્જરીત હાલતમાં હોય તેવી દુકાનોનું રીનોવેશનનું કામ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં સેકટર-૧૭માં આવેલ દુકાનોનું રીનોવેશનનું કામ પૂર્ણ થઈ ગયું છે. પરંતુ ટોરેન્ટ દ્વારા મીટરો વેપારીઓને આપવામાં આવેલ નથી. જેથી દુકાનો તૈયાર હોવા છતા બે બે મહિનાથી વેપારીઓ ઘરે બેઠા છે. આ અંગે ગાંધીનગર અસરગ્રસ્ત મંડળના પ્રમુખ રજુજી ગોલ જણાવે છે કે ટોરેન્ટને મીટરો આપવા અંગે અનેકવા લેખિત તેમજ મૌખિક રજુઆત કરવામાં આવી છે. છતા આજદિન સુધી મીટરો આવ્યા નથી. જયારે તંત્ર ગ્રાન્ટ આવી નથી તેવો શુર આલાપી રહ્યા છે. ત્યારે વેપારીઓ લાઈટ વિના મુશ્કેલીમાં મુકાયા છે. રાત્રીના સમયે લાઈટ ન હોવાથી વેપાર ધંધા પર અસર પડી રહી છે. લાઈટ ન હોવાથી સાંજ ઢળતા જ વેપારીઓએ દુકાનો બંધ કરી દેવી પડે છે. ટોરેન્ટ તંત્ર દ્વારા વહેલી તકે ચીપટાઈપ શોંપિગ સેન્ટરમાં આવેલ દુકાનોમાં મીટરો નાંખવામાં આવે તેવી માંગ વેપારીઓમાં ઉઠવા પામી છે.

## શુક્રવારે સ્વ. તારક મહેતાને ‘રમણભાઈ નીલકંઠ હાસ્ય પારિતોષિક’ અર્પણ કરાશે

ગાંધીનગર, તા.૨૮

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા તા. ૩૧મી માર્ચ શુક્રવારે સાંજે ૫.૩૦ કલાકે અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશનના જે.બી. ઓડિટોરિય ખાતે ગુજરાતી હાસ્ય વ્યંગ અને નાટય સર્જક દિવંગત તારક મહેતાને ‘રમણભાઈ નીલકંઠ હાસ્ય પારિતોષિક’ અર્પણ કરાશે. આ પારિતોષિક રાજયના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીના હસ્તે અર્પણ કરાશે. આ પ્રસંગે સુવિખ્યાત હાસ્ય લેખક વિનોદ ભટ્ટ મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા જાહેર જનતાને અકાદમી દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## બે સંતાનનાં પિતાનો ખોરજ નર્મદા કેનાલમાં આપઘાત

**બે દિવસ પહેલા અમદાવાદના યુવાનનું કેનાલ બહારથી બાઈક અને મોબાઈલ મળ્યો હતો : મૃતદેહ નિકાળી પોલીસે આપઘાતનું કારણ જાણવા તપાસ આરંભી**

ગાંધીનગર, તા.૨૮

અમદાવાદના શાહપુર વિસ્તારમાં રહેતા ૩૨ વર્ષીય યુવાને ખોરજ નર્મદા કેનાલમાં ઝંપલાવી આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. આપઘાત કરનાર યુવાને પ્રેમલગ્ન કરેલા હતા અને બં સંતાનોના પિતા હોવાનું જાણવા મળ્યું છે. અડાલજ પોલીસે કેનાલમાંથી મૃતદેહ બહાર કઢાવી પરિવારજનોને સોંપીને આપઘાતનું કારણ બહાર લાવવા ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

અમદાવાદના શાહપુર વિસ્તારમાં રહેતા ૩૨ વર્ષીય જપન મહેશભાઈ ઓઝાએ પ્રેમલગ્ન કર્યા હતા. જપન ઓઝા બે સંતાનોનો પિતા હતો. બે દિવસ અગાઉ જવાનનું બાઈક અને મોબાઈલ અડાલજ નજીક ખોરજ નર્મદા કેનાલ પાસેથી મળી આવ્યા હતા. અડાલજ પોલીસે મોબાઈલ અને બાઈકને આધારે તપાસ કરી જપનના પરિવારજનોનો સંપર્ક કર્યો હતો. કેનાલના પાણીમાં તેની શોધખોળ ચાલી રહી હતી દરમિયાન આજે સવારે તેનો મૃતદેહ મળી આવ્યો હતો. જમાદાર ગીરીષભાઈએ મૃતદેહ બહાર કઢાવી પોસ્ટમોર્ટમ કરાવીને અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાત પાછળનું રહસ્ય બહાર લાવવા ચક્રો ગતિમાન કર્યા છે.

## મોંઘવારી ભથ્થાનો વધારો અમલી ન બનતા કર્મચારીઓએ મુખ્યમંત્રીને રજુઆત કરી

ગાંધીનગર, તા.૨૮

અત્યારે હાલ મોંઘવારીએ માજા મુકી છે. ઘઉં, ચોખા, દાળ સહિત કરીયાણાની ચીજવસ્તુઓ મોંઘી બનવા પામી છે. આ ઉપરાંત દરેક ચીજવસ્તુમાં અસહ્ય ભાવ વધારો નોંધાતા સામાન્ય માણસના ઘરનું બજેટ ખોરવાઈ જવા પામ્યું છે.ત્યારે જેમ જેમ મોંઘવારી વધે તે પ્રમાણે કર્મચારીઓને મોંઘવારી ભથ્થામાં વધારો કરવામાં આવે છે. કેન્દ્ર સરકાર દ્વારા કર્મચારીઓને વધારો જાહેર કરાતા રાજય સરકાર દ્વારા પોતાના કર્મચારીઓને તેનો લાભ આપે છે. પરંતુ હાલ જુલાઈ ૨૦૧૬ થી ડિસેમ્બર ૨૦૧૬ નું ૨ ટકા ડી.એ અને જાન્યુઆરી વર્ષ ૨૦૧૭ થી મળવાપાત્ર ૨ ટકા ડી.એ. મળીને કુલ ૪ ટકા ડી.એ. સરકારી કર્મચારીઓને આપવાનો રાજય સરકાર દ્વારા હજુ સુધી નિર્ણય લેવામાં આવેલ નથી. જે કર્મચારીઓ અંગે ખુબ દુખદ બાબત છે. રાજયના કર્મચારીઓને ૪ ટકા ડી.એ.નો લાભ સત્વરે મળી રહે તે માટે ગુજરાત સ્ટેટ ફીશરીઝ ડીપાર્ટમેન્ટ એમ્પ્લોઈઝ ફેડરેશનના કર્મચારીઓ દ્વારા રાજયના મુખ્યમંત્રીને રજુઆત કરવામાં આવી છે.

## ચૌધરી મહિલા કોલેજ ખાતે રાષ્ટ્રીય કક્ષાનો સેમિનાર




ગાંધીનગરના સે-૭માં પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખાતે ‘ઉચ્ચ શિક્ષણમાં ગુણવત્તા વર્ધન ક્ષેત્રે ભાગીદારીની ભૂમિકા’ વિષયે રાષ્ટ્રીય કક્ષાનો સેમિનાર યોજાયો હતો. સેમિનારની પ્રથમ બેઠકમાં એચ.કે.આર્ટસ કોલેજના પ્રિન્સિપાલ સુભાષ બ્રહ્મભટ્ટે શિક્ષણની ગુણવત્તા સુધારવા અંગે શિક્ષકોની ભૂમિકા વિષયે વકતવ્ય રજૂ કર્યું હતું. દ્વિતિય બેઠકમાં પ્રો. કે.એસ. પરીખે કવોલીટી એશ્યોરન્સ અને મેનેજમેન્ટ વિષયે સંસ્થાઓની કામગીરી અંગે વકતવ્ય રજૂ કર્યું હતું. આ કાર્યક્રમમાં અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરી, પૂર્વ પ્રમુખ મણીભાઈ ચૌધરી, ઉપપ્રમુખ શંકરભાઈ ચૌધરી, મંત્રી માધુભાઈ ચૌધરી સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સોની જ્ઞાતિના સ્નેહમિલનમાં મહિલાઓનો ‘પાણી બચાવો’ સંદેશ



ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના શ્રી સાબરકાંઠા શ્રીમાળી સોની મિત્ર મંડળ દ્વારા તા. ૨૬મી માર્ચ રવિવારે હોટલ ઘુંઘટ ખાતે વાર્ષિક સ્નેહમિલન સમારંભ યોજવામાં આવ્યો હતો. આ સ્નેહમિલન સમારંભમાં સોની કિટ્ટી ગૃપના મહિલા સભ્યો દ્વારા ‘પાણી બચાવો’ થીમ આધારિત સુંદર કૃતિઓ રજુ કરી ઉપસ્થિત તમામ સભ્યોને દંગ કરી દીધા હતા.

સાબરકાંઠા શ્રીમાળી સોની મિત્ર મંડળના સ્નેહમિલન સમારંભમાં મુખ્ય મહેમાન પદે અરવિંદકુમાર સોની, ઉદઘાટક પ્રમુખપદે વસંતભાઈ સોની, સ્વાગત પ્રમુખ પદે હસમુખલાલ સોની તથા ઈનામ વિતરણના દાતાઓ ડૉ. મહેશભાઈ સોની અને કીરીટભાઈ સોની તેમજ અતિથિ વિશેષપદે દિલીપભાઈ સોની અને ડૉ. સુધીરભાઈ સોની ઉપસ્થિત રહ્યા હતા. સ્નેહમિલન સમારંભમાં શૈક્ષણિક, રમતગમત તથા સાંસ્કૃતિક ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનાર તેજસ્વી તારલાઓનું સન્માન તથા વરિષ્ઠ વડીલોનું પણ અભિવાદન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરાઈ હતી. જેમાં સોની કિટ્ટી ગૃપની મહિલાઓ દ્વારા ‘પાણી બચાવો’ના સંદેશા સાથે રજુ કરાયેલ કાર્યક્રમે ઉપસ્થિત તમામ સભ્યોને સંમોહિત કર્યા હતા. ઉમદા સંદેશ સાથેના આ પ્રયાસને તમામે તાળીઓના ગડગડાટથી વધાવી લીધો હતો.

## હેપ્પી સ્પેરો વિકના સમાપને આજે ‘ચકલી-ઘર’નું ફરી નિઃશુલ્ક વિતરણ

**બુધવારે બપોરે ૧૨ કલાકે વધુ એક હજાર ચકલી ઘરનું નિઃશુલ્ક વિતરણ : સપ્તાહમાં એકસોથી વધુ પક્ષી પરબનું સ્થાપન કરાયું**



ગાંધીનગર, તા.૨૮

હેપ્પી યુથ કલબ દ્વારા ગાંધીનગરમાં ‘હેપ્પી સ્પેરો વિક’ની ઉજવણી કરવામાં આવી રહી છે. આ સપ્તાહ દરમિયાન નગરજનો દ્વારા મળેલા પ્રોત્સાહક પ્રતિસાદને પગલે ઉજવણીના સમાપન અંતર્ગત ફરી એકવાર તા. ૨૯ માર્ચ બુધવારના રોજ બપોરે ૧૨ કલાકે પાટનગર યોજના ભવન સામે સે-૧૬ ખાતે આશરે ૧૦૦૦થી વધુ ચકલીના માળાઓનું નિઃશુલ્ક વિતરણ વહેલા તે પહેલાના ધોરણે કરવામાં આવશે. દરેક પક્ષીપ્રેમીને વ્યકિતદીઠ એક ચકલીઘર આપવામાં આવશે.

આ ઉપરાંત સપ્તાહ દરમિયાન હેપ્પી યુથ કલબ દ્વારા વિશ્વ ચકલી દિવસે વિના મૂલ્યે એક હજાર ચકલી ઘરનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત શહેરના વિવિધ શૈક્ષણિક સંકુલો તથા કેટલાક જાહેર સ્થળો ખાતે આવનાર ઉનાળાની કાળઝાળ ગરમીમાં પક્ષીઓની તરસ છીપાય તે હેતુથી ૧૦૦થી વધુ પક્ષી પરબ (માટીના કુંડા)નું સ્થાપન કરવામાં આવ્યું હતું તેમજ તેમાં નિયમિત જળવ્યવસ્થાપનની કાળજી લેવાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ ‘હેપ્પી સ્પેરો વિક’ દરમિયાન નગરજનો દ્વારા મળેલા પ્રોત્સાહક પ્રતિસાદને પગલે ઉજવણીના સમાપન અંતર્ગત ફરી વધુ એક હજાર ચકલી ઘરનું વિતરણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ પ્રસંગે ‘હેપ્પી સ્પેરો વિક’ પ્રોજેકટના કો. ઓર્ડીનેટર રાજુભાઈ મકવાણાનું તથા નગરના પક્ષી પ્રેમી નરેન્દ્ર રાવલનું સન્માન કરવામાં આવશે.

## આઈ લવ માય ગાંધીનગર



**ગૌતમ કે. પરમાર**

**ગાંધીનગર ગમે**

હરીયાળી, શાંતિ, રમણીય વાતાવરણ, પ્રદુષણ મુકત અને એકતાના પ્રતિક સમુ ગાંધીનગર મને ગમે છે.

**નગરજનો**

મીની ભારત કહી શકીએ એવું ગાંધીનગર શહેર છે. સેવા, સંસ્કૃતિ, ધાર્મિક, કલાપ્રિય, સાહિત્ય રસિકો, લેખકો, કવિઓ, અધિકારીઓ, કર્મચારીઓ, વ્યાપારીઓ અને સેવાભાવી નગરજનો છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

વિવિધ સંસ્થાઓ દ્વારા ઉજવાતી નવરાત્રી, વિવિધ સેવાભાવી સંસ્થાઓની ઉમદા ભાવનાશીલ સેવાકિય પ્રવૃત્તિઓ, કલા-સંસ્કૃતિની ઝાંખી કરાવતો વસંતોત્સવ, કલ્ચરલ ફોરમ અને ગાંધીનગર શહેર વસાહત મહામંડળની ‘અસ્થિ વિસર્જન’ જેવી પ્રવૃત્તિઓને સો સો સલામ. વનશ્રી ટ્રસ્ટની પક્ષી બચાવોની પ્રવૃત્તિ બિરદાવવા લાયક છે.

**નગરને બહેતર બનાવવા**

બેરોજગાર યુવાનો માટે જાહેર સ્થળોએ ‘માઈક્રો શોપીંગ’ જેવી વ્યવસ્થા કરવામાં આવે. શહેર દબાણમુકત બને. રેન બસેરાની જરૂરીયાત છે. સ્વચ્છતા અને સુંદરતા માટે સ્વ જાગૃતિ પણ મહત્વની છે. ગાંધીનગરને સ્માર્ટ સીટી બનાવવા માટે શહેરમાં સમાવિષ્ટ છ ગામને મહત્વ આપવું જોઈએ.

**નગર માટે હું કરી શકું**

લોક જાગૃતિ અર્થે સેવા કાર્ય કરવા હું યોગદાન આપી શકું છું.

## વિનયન કોલેજમાં ઉત્તર આધુનિકતા અને સાહિત્ય વિષયે પરિસંવાદ યોજાયો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરની સરકારી વિનયન કોલેજ તથા હિન્દી સાહિત્ય અકાદમીના સંયુકત ઉપક્રમે ‘ઉત્તર આધુનિકતા અને ભારતીય સાહિત્ય’ વિષયે એક દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં અતિથિવિશેષ પદે ભાવનગરના યુનિ.ના પૂર્વ કુલપતિ ડૉ. એચ.એન. વાઘેલા તથા ઉદયપુરના વરિષ્ઠ સમીક્ષક ડૉ. સીમા મલિકે ઉપસ્થિત રહી તેમના વિચારો રજુ કર્યા હતા. સમગ્ર સેમિનારમાં સૈધ્ધાંતિક વિચારધારા, ભારતીય રચનાશીલતા અને અંતર્નુશાનત્મકતા વિષયે ગંભીર વિચારણાને અંતે પ્રખ્યાત ઈતિહાસકાર ડૉ.શિરીન મેહતાએ સમીક્ષાત્મક વકતવ્ય આપ્યું હતું. સેમિનારમાં અભ્યાસુઓ દ્વારા ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, બંગાળી, મરાઠી તેમજ તમિલ વગેરે ભાષામાં ઉત્તર આધુનિકતા સંબંધે સંશોધન પત્રો રજૂ કરાયા હતા. સેમિનારમાં વિનયન કોલેજના આચાર્ય ડૉ. કે.કે. વૈષ્ણવ તથા વિજ્ઞાન કોલેજના આચાર્ય ડૉ. એસ.જી. દેસાઈ ઉપસ્થિત રહ્યા હતાં.

## લયબદ્ધ શ્વસન દ્વારા સંપૂર્ણ શ્વાસ્થ્ય

પૂ. તાવરિયાજી પ્રેરિત લયબદ્ધ શ્વસન દ્વારા સંપૂર્ણ શ્વાસ્થ્યનો આગામી કાર્યક્રમ તા.૩૧-૩-૧૭, તા. ૧, ૨ એપ્રિલ ૨૦૧૭ના રોજ સવારે ૮ થી ૯ બલરામ ભવન, સે-૧૨ ખાતે યોજાનાર છે જેનો લાભ લેવા નગરજનોને અનુરોધ કરાયો છે.

## @ગાંધીનગર

● શહેરના સેકટર-૨૩ શિવશકિત મંદિર ખાતે આનંદનો ગરબો બપોરે ૩ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

● શહેરના સેકટર-૩-બી પ્લોટ નં. ૧૩૫૬/૧ શોપીંગ સેન્ટર પાસે દક્ષાબેન ચૌહાણના નિવાસસ્થાને આનંદનો ગરબો બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

● જય બુટભવાની આનંદ ગરબા મંડળ દ્વારા સે-૮ પ્લોટ નં. ૮૦૮ કેદારભાઈ રાવલના ઘરે આનંદનો ગરબો બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન યોજાશે.

● સુંદરકાંડના સંગીતમય પાઠ કાન્તિભાઈ યોગીની વ્યાસપીઠે સે-૧૩-સી પ્લોટ નં. ૧૯૬૫/૨ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે.

## વાતવાતમાં

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પાછળના ભાગે એક દરવાજો હતો જે અત્યાર સુધી બંધ રખાતો હતો. હવે આ દરવાજો ખોલી દેવાતા દર્દીઓને મળવા આવતા સગા સંબંધીઓને આ રસ્તો ટૂંકો પડતો હોવાથી તેનો ઉપયોગ વધી જવા પામ્યો છે.

● શહેરમાં એકાએક ગરમી વધી જતા બપોરના સમયે નગરજનો ઓફિસ કે ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. જેના પગલે શહેરમાં બપોરે સડકો સુમસામ થવા લાગી છે.

● ગરમીની સીઝનની શરૂઆત થઈ જતા શહેરમાં એસી, એરકુલર તથા પંખા વગેરેનું રીપેરીંગ કરતા કારીગરોની માંગમાં વધારો થવા પામ્યો છે. આ કારીગરો હાલ વહેલી સવારથી મોડી રાત સુધી કાર્યરત જોવા મળી રહ્યા છે.

## અજાણ્યા વાહનની અડફેટે બાઈક ચાલક યુવાનનું મોત

ગાંધીનગર, તા.૨૮

અમદાવાદ વિસ્તારનો આશરે ૨૫ વર્ષીય યુવાન જીજે ૧એલ.કે. ૮૬૦૮ નંબરનું પોતાનું બાઈક લઈને નેશનલ હાઈવે નં. ૮ પરથી આજે બપોરના અરસામાં પસાર થઈ રહ્યો હતો. લવારપુર પાટીયા પાસે એસ્સાર પેટ્રોલ પંપની સામે બેફામ ગતિએ જતા કોઈ અજાણ્યા વાહને તેના બાઈકને જબરદસ્ત ટકકર મારતા યુવાનનું ઘટના સ્થળે મોત નિપજયું હતું. આરોપી વાહન ચાલક વાહન સાથે પળવારમાં ફરાર થઈ ગયો હતો. હીટ એન્ડ રનના આ કિસ્સામાં ડભોડા પોલીસ સ્થળ પર દોડી આવી હતી અને મૃતકની ઓળખ માટે તજવીજ શરુ કરી હતી. બાઈકના નંબરને આધારે મૃતકના પરિવારજનો સુધી પહોંચવા મોડી સાંજ સુધી ગતિવિધી ચાલી હતી. જો કે ઓળખવિધી થઈ શકી ન હતી.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર મંગાજી નાથાજી, ઉ.વ. ૯૦
- સ્વ. વણકર તુલસીભાઈ ડાહ્યાભાઈ, ઉ.વ. ૭૯
- વાઘેલા ચાંદાબા હરીસિંહ, ઉ.વ. ૭૦